મહેસાણા, અમદાવાદ, ગાંધીનગર, સુરત, પાટણ, બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લીમાં બહોળો ફેલાવો ધરાવતું એકમાત્ર નિષ્પક્ષ અખબાર

G NEWS ગરવી તાકાત LIVE

સત્ય એના પૂર્ણ સ્વરૂપમાં...

# ગરવી તાકાત

GARVI TAKAT DAILY દૈનિક

૧૮-૦૧-૨૦૨૫
શનિવાર

વર્ષ : ૧૦ ★ અંક નં : ૨૮૭
પેજ : ૪ ★ વિક્રમ સંવત : ૨૦૮૧

તંત્રી : પ્રકાશ આર.ચૌધરી

ગરવી તાકાત
હવે આંગળીના ટેરવે
તમારા ગામ કે શહેરના સમાચાર વાંચો એક આંગળીના ટેરવે
પ્લે સ્ટોરમાંથી ડાઉનલોડ કરો અને મેળવો તમારા ગામના કે શહેરના લેટેસ્ટ સમાચાર તથા ઈ-પેપર તમારા મોબાઈલમાં
Garvi Takat app

કાર્યાલય : ૯,અંબિકા કોમ્પ્લેક્ષ, ટી.બી. રોડ, ભમરિયાનાળા પાસે, મહેસાણા-૨ ● ફોન : ૦૨૭૬૨ ૨૪૨૨૦૧ ● મો : ૯૨૨૭૧ ૧૩૫૫૫ ● કિંમત રૂા.૩-૦૦ ● Email : garvitakat1511@gmail.com ● www : garvitakat.com •• RNI No. GUJGUJ/2015/61367

## મહેસાણા જિલ્લાના મોઢેરાના સૂર્યમંદિરે ઉત્તરાર્ધ મહોત્સવ : ભારતના વિવિધ શાસ્ત્રીય નૃત્યો યોજાશે

# તા.૧૮થી ૧૯ દરમિયાન ભરત નાટ્યમ, ઓડીસી, કૂચીપૂડી, કથ્થક, કથકલી નૃત્યો રજૂ થશે

(ગરવી તાકાત) મહેસાણા તા.૧૭

મોઢેરા સૂર્યમંદિર ખાતે ઉત્તરાર્ધ ઉત્સવ ૨૦૨૫નું આયોજન થયું છે. બે દિવસના આ મહોત્સવમાં ભારતના વિવિધ શાસ્ત્રીય નૃત્યની રજૂઆત થશે. વિશ્વ પ્રસિદ્ધ ઐતિહાસિક મોઢેરા સૂર્યમંદિરના પ્રાંગણમાં ભવ્ય ઉત્તરાર્ધ મહોત્સવ- ૨૦૨૫નું તા.૧૮ અને ૧૯ જાન્યુઆરીના રોજ આયોજન કરવામાં આવશે.

પ્રાચીન નગરી મોઢેરા ખાતે અદ્વિતિય સ્થાપત્ય કલા અર્ચના અને શાસ્ત્રીય નૃત્યનો નગર ઉત્સવ ઉજવવામાં આવતો હતો. આ વર્ષે ઉત્તરાર્ધ મહોત્સવમાં ભરત નાટયમ - ઓડીસી - કુચીપૂડી - મોહિની અટ્ટમ - કથ્થક- કથકલી - મણિપુરી - કથક અને સતરીયા જેવાં શાસ્ત્રીય નૃત્યના વિશ્વવિખ્યાત કલાકારોની પ્રસ્તુતિ આ મહોત્સવમાં પ્રસ્તુત કરવામાં આવશે.

ઉત્તારાયણના ઉત્સવ પછી સૂર્યની ઉત્તર તરફની ઉર્ધ્વગતિ એટલે કે સૂર્યના ધનુ અને મકર પ્રવેશના મધ્ય-અર્ધ સમયે જ્યારે શિયાળો અંત તરફ જઈ રહ્યો હોય અને દિવસ લાંબો-મોટો થવાની શરૂઆત થતી હોય તેવા 'અર્ધ' અવસરે શાસ્ત્રીય નૃત્યનો આ ઉત્સવ સૂર્યમંદિરમાં ઉત્તરાર્ધ ઉત્સવ તરીકે ઉજવવાની પરંપરા રહેલી છે.

મોઢેરાનું સૂર્યમંદિર સૂર્ય અને ગ્રહોની સ્થિતિ તથા સૂર્યના પૃથ્વી ભ્રમણના આદિકાળના ઈજનેરી કૌશલ્યનું ઉત્કૃષ્ટ ઉદાહરણ છે તેના પરિણામે સૂર્યમંદિરના પરિસરમાં આ ઉત્સવ ઉજવાય છે.

ભારતીય શાસ્ત્રીય નૃત્યોની ભવ્ય-ગુરૂ શિષ્ય પરંપરાનો પરિચય લોકોમાં વ્યાપક બને તે હેતુથી આ ઉત્તરાર્ધ ઉત્સવની ઉજવણી કરવામાં આવે છે. રાજ્ય સરકાર દ્વારા વર્ષ- ૧૯૯૨થી રમત ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ અને જિલ્લા વહીવટીતંત્રના સંયુક્ત ઉપક્રમે આ મહોત્સવનું આયોજન કરવામાં આવે છે. ઉત્તરાર્ધ મહોત્સવના દ્વિ- દિવસીય કાર્યક્રમમાં દેશભરના જુદા જુદા કલાક્ષેત્રના કલાકારો દ્વારા કાર્યક્રમ રજૂ કરવામાં આવશે.

ભારતીય શાસ્ત્રીય નૃત્યોની ભવ્ય-ગુરૂ શિષ્ય પરંપરાનો પરિચય લોકોમાં વ્યાપક બને તે હેતુથી આ ઉત્તરાર્ધ મહોત્સવ ઉજવણી કરવામાં આવે છે. રાજ્ય સરકાર દ્વારા વર્ષ- ૧૯૯૨થી રમત ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ અને જિલ્લા વહીવટીતંત્રના સંયુક્ત ઉપક્રમે આ મહોત્સવનું આયોજન કરવામાં આવી રહ્યું છે.

ઉલ્લેખનીય છે કે ઉત્તરાયણના ઉત્સવ પછી સૂર્યની ઉત્તર તરફની ઉર્ધ્વગતિ એટલે કે સૂર્યના ધનુ અને મકર પ્રવેશના મધ્ય-અર્ધ સમયે જ્યારે શિયાળો અંત તરફ જઈ રહ્યો હોય અને દિવસ લાંબો-મોટો થવાની શરૂઆત થતી હોય તેવા 'અર્ધ' અવસરે શાસ્ત્રીય નૃત્યનો આ ઉત્સવ સૂર્યમંદિરમાં ઉત્તરાર્ધ મહોત્સવ તરીકે ઉજવવાની પરંપરા રહેલી છે. મોઢેરાનું સૂર્યમંદિર સૂર્ય અને ગ્રહોની સ્થિતિ તથા સૂર્યના પૃથ્વી ભ્રમણના આદિકાળના ઈજનેરી કૌશલ્યનું ઉત્કૃષ્ટ ઉદાહરણ છે તેના પરિણામે સૂર્યમંદિરના પરિસરમાં આ મહોત્સવ ઉજવાય છે.



## મહેસાણા લોકસભાના સાંસદ હરિભાઈ પટેલ એક્શન મોડમાં

# ઊંઝા મામલતદાર કચેરીની સરપ્રાઈઝ મુલાકાત લેતા સાંસદ : પ્રજાના વિવિધ પ્રશ્નને જાણવા સરપ્રાઈઝ વિઝીટ



(ગરવી તાકાત) મહેસાણા તા.૧૭

સરકારી કચેરીઓ વાસ્તવમાં પ્રજાભિમુખ બને તેવો સતત રાજ્ય સરકારનો પ્રયાસ રહ્યો છે.લોકોને કચેરીમાં સરકારી કામકાજ વખતે કોઈ અગવડ ન પડે અને પ્રજાના કામ ઝડપી બને તે માટે રાજ્ય સરકાર દ્વારા સતત મોનીટરીંગની કરવામાં આવી રહ્યું છે.ત્યારે ઊંઝા તાલુકા મામલતદાર કચેરી વાસ્તવમાં પ્રજાભિમુખ છે કે નહીં? તે જાણવા માટે આજે મહેસાણા સાંસદ હરિભાઈ પટેલે મામલતદાર કચેરી ઊંઝાનું સરપ્રાઈઝ ચેકીંગ કર્યું હતું

મહેસાણા સાંસદ હરિભાઈ પટેલ પ્રજાના વિવિધ પ્રશ્નનું ત્વરિત નિરાકરણ આવે તે માટે સતત કાર્યશીલ રહે છે.અત્યાર સુધીમાં સાંસદ સુવિધા કેન્દ્ર દ્વારા જાહેર હિત અને પ્રજાના વિવિધ પ્રશ્ન ને લઈને ૧૬૦૦ કરતા વધુ પત્ર સરકારી વિભાગમાં લખવામાં આવ્યા છે.અને આ પત્ર વ્યવહાર બાદ અનેક પ્રશ્નનું નિરાકરણ પણ થયું છે.ત્યારે મહેસાણા જિલ્લામાં સરકારી કચેરીઓમાં કામગીરી દરમિયાન પ્રજાના વિવિધ પ્રશ્ન જાણવા માટે આજે મહેસાણા સાંસદ હરિભાઈ પટેલે ઊંઝા મામલતદાર કચેરીની સરપ્રાઈઝ વિઝીટ કરી હતી.સાંસદ હરિભાઈ પટેલે મામલતદાર કચેરી ઊંઝા ખાતે વિવિધ વિભાગમાં કામગીરીનું નિરિક્ષણ કર્યું હતું.મધ્યાહન ભોજન યોજના વિભાગ અને રેકર્ડ રૂમની મુલાકાત લઈ વિવિધ સૂચન કરવામાં આવ્યા હતા.આ મુલાકાત દરમિયાન પ્રજાને સૌથી વધુ અસર કરતા મુદ્દા જેવા કે આધાર કાર્ડમાં નામ સુધારણા, ઈ ધ્રરૂઝ ની કામગીરી ઉપર સાંસદ દ્વારા વિશેષ ભાર મૂકવામાં આવ્યો હતો.સાંસદ હરિભાઈ પટેલે કચેરીમાં ચાલતી આધાર કાર્ડ સુધારણા કામગીરી વખતે પ્રજાને કોઈ અગવડ ન પડે અને ત્વરિત કામગીરી થાય તે માટે સૂચન કર્યા હતા.સાથે સાથે ઈ કે વાય સી ની કામગીરી ઝડપી બને અને લોકોના કલાકો ન વેડફાય તે જોવા માટે પણ તાકીદ કરવામાં આવી હતી.મહત્વપૂર્ણ છે કે મહેસાણા સાંસદ હરિભાઈ પટેલ દ્વારા પ્રજાના વિવિધ પ્રશ્નના નિરાકરણ માટે સતત ગ્રામ્ય વિસ્તારનો પ્રવાસ કરવામાં આવી રહ્યો છે.ચૂંટણી બાદ અત્યાર સુધીમાં સાંસદ દ્વારા મત વિસ્તારના ૫૦ ટકા કરતા વધુ ગામમાં લોક સંપર્કની કામગીરી પૂર્ણ કરવામાં આવી છે.આ લોકસંપર્ક થકી સાંસદ દ્વારા સતત લોકોના પ્રશ્નને જાણીને સરકારના વિવિધ વિભાગ સાથે સંકલનમાં રહીને નિરાકરણનો સતત પ્રયાસ થઈ રહ્યો છે.આગામી સમયમાં પણ સાંસદ હરિભાઈ પટેલ દ્વારા અન્ય કચેરીઓમાં સરપ્રાઈઝ વિઝિટનું આયોજન કરવામાં આવ્યું છે.


## ઓપન ઈન્ટરવ્યું

ગ્રામ સેવા નિકેતન આદિવાડા સંચાલિત કુમારી સો.હ.ગાર્ડી બક્ષીપંચ છાત્રાલય (વિકસતી જાતી) આદિવાડા માટે મહેસાણા જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રીની કચેરી મહેસાણા તરફથી મળેલ એન.ઓ.સી. પ્રમાણે કુમાર છાત્રાલયમાં ખાલી પડેલ નીચેની જગ્યાઓ માટે તા.૨૫-૦૧-૨૦૨૫ના રોજ સવારે ૧૦-૦૦ કલાકે ઓપન ઈન્ટરવ્યું રાખવામાં આવેલ છે.

| ક્રમ | જગ્યાનું નામ | લાયકાત | ઉચ્ચક માનદ વેતન (માસિક) |
|---|---|---|---|
| ૧. | ગૃહપતિ-૧ | ધો.૧૨ પાસ/સ્નાતક | ૯૦૦૦/-રૂા.(ધો.૧૨/સમકક્ષ) |
| | | સા.શૈ.પછાત | ૧૦૦૦૦/- રૂા.(સ્નાતક) |

આ જગ્યાઓ તદ્દન હંગામી હોવાથી અન્ય કોઈ લાભ મળવાપાત્ર નથી. ઉંમર ૧૮ વર્ષથી ઓછી ના હોવી જોઈએ. પસંદ થયેલ અરજદારે સંસ્થાના કેમ્પસ ખાતે ૨૪ કલાક સ્થળ ઉપર રહીને ફરજ નિભાવવાની રહેશે. સંસ્થા છાત્રાલય બંધ કરશે કે માન્યતા રદ થાય તો નોકરી સમાપ્ત થશે.
ઉપરોક્ત લાયકાત ધરાવતા ઉમેદવારો શિક્ષણ, અનુભવ અને જાતિના પ્રમાણિત ઝેરોક્ષ નકલ અને અસલ પ્રમાણપત્રો સાથે સ્વખર્ચે હાજર રહેવું.

સરનામું : મંત્રીશ્રી, ગ્રામ સેવા નિકેતન, આદિવાડા
તા. બેચરાજી જિ. મહેસાણા.પીન-૩૮૪૨૧૦


## કડી પોલીસ સ્ટેશનના પી. આઇ તથા ડી. સ્ટાફ પોલીસ ની મોટી કાર્યવાહી

# કડીના અચરાસણ ગામ પાસે નકલી વિદેશી દારૂની મીની ફેક્ટરી ઝડપાઇ: દારૂ બનાવવાની સામગ્રી સાથે બે પકડાયા

(ગરવી તાકાત) કડી તા.૧૭

બીજા રાજ્યોમાંથી દારૂ ગુજરાતમાં ઘુસાડવા માટે બુટલેગરો અનેક કિમીયા અને સેટિંગ કરવા પડતા હોય છે. પોલીસની નજરથી બચવા બુડાસણ ના શખ્સે અચરાસણ ગામ પાસે આવેલ ખેતરમાં રહેલી ઓરડી માં નકલી વિદેશી દારૂ બનાવવાની ફેકટરી શરૂ કરી હતી. કડી પોલીસે બાતમી મળતા દરોડો પાડી ૧૦૦ લીટર કરતાં વધારે ડુપ્લીકેટ વિદેશી દારૂ સાથે ૨ આરોપીઓને ઝડપી લીધા છે.





પ્રાપ્ત વિગતો અનુસાર કડી પોલીસ ને બાતમી મળી હતી કે કડી ના અચરાસણ ગામે ની સીમમાં ખેતરમાં રહેલી ઓરડી માં બુડાસણ ગામનો ગગન પટેલ તથા હર્ષદ વાઘેલા તેની સાથે રહી ખેતર ની ઓરડીમાં ગેરકાયદે ભારતીય બનાવટનો વિદેશી નકલી દારૂ બનાવી કાચની બોટલમાં પેકિંગ કરી વેચાણ કરતાં હતાં .હાલ પોલીસે ડુપ્લીકેટ દારૂ બનાવવા માટે ઉપયોગમાં લેવામાં આવતા જુદા જુદા પ્રકારના કેમિકલોના સેમ્પલ લઈને ટેસ્ટિંગ માટે મોકલી આપ્યા છે. આરોપીઓ આ કેમિકલ દ્વારા સહારે ડુપ્લીકેટ દારૂ બનાવી કાચની બોટલોમાં દારૂ ભરી સિલપેક બોટલો તૈયાર કરવામાં આવતી હતી.

અચરાસણ ગામ ખાતે આવેલ ખેતર ની ઓરડી માંથી કડી પોલીસે દરોડા પાડી ને મીની વીદેશી દારુ બનાવતી ફેક્ટરી ઝડપી પાડી છે જેમાં હાલ પોલીસે ડુપ્લીકેટ દારૂ બનાવવા માટે ઉપયોગમાં લેવામાં આવતા જુદા જુદા પ્રકારના કેમિકલો ના સેમ્પલ લઈને ટેસ્ટિંગ માટે મોકલી આપ્યા છે. આરોપીઓ આ કેમિકલ દ્વારા સહારે ડુપ્લીકેટ દારૂ બનાવી કાચની બોટલો માં દારૂ ભરી સિલપેક બોટલો તૈયાર કરવામાં આવતી હતી. જેનો કડી તાલુકાના પોલિસે પર્દાફાશ કર્યો છે. જેમાં મેકડોનેલ રોયલ ચેલેન્જ નામની નકલી બ્રાન્ડ ના લેબર મારી બનાવવા માં આવતો હતો નક્લી દારૂ જે પેક કરી ને તેનું વેચાણ પણ બૂટલેગરો જોડે કરવામાં આવતું હતું.

જેમાં કડી પોલિસે ૧૦૦ લીટર કરતા વધુ વીદેશી દારૂ નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે અને સાથે તેના નકલી વિદેશી દારૂ બનાવવાની સામગ્રી અને મુદ્દામાલ કિંમત આશરે ૧,૨૯,૫૨૦ લાખ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યું હતું.કડી પંથકમાં નકલી દારૂના ચાલતા વેપલાનો પોલિસે પર્દાફાશ કરતા બૂટલગેરોમાં ભય સાથે ફફડાટ ફેલાયો છે.

# લાંઘણજ પોલીસ ગોઝારિયામાં ચાલતાં જુગારધામ ઉપર ત્રાટકી : ૩૭ હજારના મુદામાલ સાથે બે ખેલીઓ ઝડપાયા

(ગરવી તાકાત) મહેસાણા તા.૧૭

મહેસાણા જિલ્લાના ગોઝારિયા ગામમાં જુગારની પ્રવૃત્તિ ઝડપાઈ આવી છે. લાઘણજ પોલીસને મળેલી બાતમીના આધારે ગરબી ચોક વિસ્તારમાં દરોડો પાડવામાં આવ્યો હતો, જ્યાં વિષ્ણુ મફતલાલ પટેલના ઘરના ઓટલા પરથી જુગાર રમતા ૮ શખસને પકડી પાડવામાં આવ્યા હતા.

પોલીસે સ્થળ પરથી ૬ મોબાઈલ ફોન અને રૂ. ૧૪,૨૩૦ની રોકડ રકમ સહિત કુલ રૂ. ૩૭,૭૩૦નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. પકડાયેલા આરોપીઓમાં વિષ્ણુ મફતલાલ પટેલ (૫૨), વિક્રમ અમૃતલાલ પંચાલ (૩૮), દિલીપ ભારથુંજી ખેર (૫૨), અરવિંદ ડાહ્યાભાઈ પટેલ (૫૦), બળદેવ અમૃતલાલ પટેલ (૫૬), નટવર ચતુરદાસ પટેલ (૬૫), નરેશ પશ્યાભાઈ પટેલ (૪૮) અને પ્રવીણ ગિરધરદાસ ભાવસાર (૭૨)નો સમાવેશ થાય છે.



મોટાભાગના આરોપીઓ ગોજારિયા ગામના ગરબી ચોક અને આંટામાં વિસ્તારના રહેવાસી છે, જ્યારે એક આરોપી લાઘણજના મોટી વાણીયાવાસનો રહેવાસી છે. પોલીસે તમામ આરોપીઓ વિરુદ્ધ જુગારધારા હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

**પોલીસે સ્થળ પરથી ૬ મોબાઈલ ફોન અને રૂ. ૧૪,૨૩૦ની રોકડ રકમ સહિત કુલ રૂ. ૩૭,૭૩૦નો મુદ્દામાલ જપ્ત કર્યો છે**


## પ્રાઈમ પ્રોપર્ટી ભાડે આપવાની છે

બેંક, વિમા કંપની કે ઓફિસ માટે ફુલ્લી ફર્નિચર સાથેની ૩૫૦ સ્કે.ફુટની ઓફિસ ભાડે આપવાની છે.

: સંપર્ક :
દુ.નં. ૧૧૭, પ્રથમ માળ, મેપલ ક્રિસ્ટલ કોમ્પલેક્ષ, મોતીપુરા, અમદાવાદ નેશનલ હાઈવે રોડ, હિંમતનગર, સાબરકાંઠા. ગુજરાત.
મો : ૯૪૨૮૧ ૫૧૫૬૦, ૯૪૨૭૫ ૪૫૬૪૦

## KRISHNA AUTO COATING
The Car Detailing Studio








પ્રમુખ ટાયરની પાછળ, એલ. કાનજી દેસાઈ બિઝનેસ હાઉસ, વિદ્યાનગર, નાગલપુર- મહેસાણા-૩૮૪૦૦૨.● મો : ૯૩૨૭૩૬૬૭૮૦




## લાખ રૂપિયાની ટીપ : કપડાં ધોવામાં મજા છે કે વાસણ માંજવામાં?

માણસ માત્રનું કામ છે મજા શોધતા રહેવાનું. રસ્તા વચ્ચે બે જણાં એકબીજાને ધોલધપાટ કરતા હોય તે જોઈને પણ મજા લેનારા ઘણાં પડયા છે. જોકે તેમનું માનવું છે કે ધોલધપાટ કરનારા લોકો જ્યારે એકમેકની ધોલ ખાતા હશે ત્યારે બેશક તેમને વેદના થતી હશે. પણ જ્યારે તેઓ એકબીજાને ધોલ મારતા હશે ત્યારે તેમને પણ મજા આવતી જ હશે. આજથી વીસ-પચીસ વર્ષ પહેલાંના જમાનામાં લગ્નોત્સુક યુવક-યુવતી જ્યારે પહેલીવાર 'બહારના ઓરડામાં વડીલો ને અંદર એ બે જણ'-વાળા એકાંતમાં મળતાં હતાં ત્યારે યુવક યુવતીને તેના શોખ, તેને શું બનાવતા આવડે છે, તેને નૃત્ય કે ગાન આવડે છે- તે અંગે પૂછતો. ને યુવતી 'તમને કોઈ વ્યસન છે કે નહીં?' પૂછતી.

પણ હવે સ્ત્રી-પુરુષ વસ્તીનું પ્રમાણ સારી પેઠે ખોરવાઈ ગયું છે. એટલે હવે સવાલો પૂછવાનો ઈજારો યુવતીઓ પાસે આવી ગયો છે. 'કોલેજમાં કોઈ ગર્લફ્રેન્ડ કે બોયફ્રેન્ડ હતાં?'- પ્રકારનો સવાલ પૂછી તે યુવકના ચાલ અને ચલગત- એમ બંનેની માહિતી મેળવી લે છે. વધુમાં ભાવિ વધુ કહે છે; 'જુઓ હું જેન્ડર ઈક્વાલીટીમા? માનું છું. હું લગ્ન પછી જોબ કરું કે ના કરું; તમારે મને ઘરકામમાં મદદ કરવી પડશે. કચરા અને પોતામાંથી એક તથા કપડાં અને વાસણમાંથી એક- એમ કોઈ બે વસ્તુઓ પસંદ કરી લો એટલે પછીથી કોઈ ગેરસમજ ન થાય.'

વાતચીતના આ મોડ પર યુવાનને નિર્ણયશક્તિ તેને દગો દઈ જાય છે. કેમ કે એકના એક સંતાન તરીકેનો દરજ્જો ભોગવેલો હોઈ તેના ભાગમાં કદીય આ પ્રકારનાં કામ કરવાનાં આવ્યા નથી હોતા. વળી, તે પોતાની ભાવિ આર્થિક સધ્ધરતા વિશે વધુ પડતો આશ્વસ્ત હોય છે. તેથી તે પહેલા જ ધડાકે કહી ઊઠે છે; 'એ તો કામવાળા બહેન બંધાવી દઈશું.' જવાબમાં યુવતી કહે છે; 'રસોઈવાળા બેન ને કામ કરવાવાળા બેન- એ બે તો બંધાવીશું જ. પણ આ તો એ અઠવાડિયે-દસ દિવસે ગુલ્લી મારે ત્યારનું આયોજન આપણે અત્યારથી વિચારી રાખવું પડે ને! નાહક એ વખતે વાસણ ખખડાવવા. અને બીજું, કુક બેનની ગેરહાજરીમાં તો બહાર જમવા જવાનો કે બહારથી જમવાનું મંગાવવાનો વિકલ્પ ઉપલબ્ધ છે જ; પણ સત્યની જેમ કામવાળા બેન નો કોઈ વિકલ્પ નથી.'

આવા સમયે હે યુવાન, કચરા કે પોતા પૈકીનો કયો વિકલ્પ સ્વીકારવો તે કામ અન્ય નિષ્ણાત પર છોડી; વાસણ કે કપડાંમાંથી કયો વિકલ્પ પસંદ કરવો તે અંગે જે જ્ઞાન પીરસવામાં આવે તેને બે કાન તથા બે આંખ ખુલ્લી રાખીને ગ્રહણ કર. હાં, તો સળગતો સવાલ એ છે કે જો ચોઈસ આપવામાં આવે તો કપડા અને વાસણમાંથી કયા કામ પર કળશ ઢોળવો જોઈએ. પહેલી દષ્ટિએ તમને લાગશે કે કપડાં ધોવાનું કાર્ય ઓછું પળોજણવાળું છે. વાસણ તરફ જતાં તમને જે રોકે છે તે છે વાસણનું એંઠાપણું. એંઠા વાસણો જોઈ ભલભલાના ટીચકું નાગીન ડાન્સ કરવા લાગે છે. ઘણાંને તો જમી લીધાની એક મિનિટ પછી પોતાની જ એંઠી ડીશ જોવી ગમતી નથી હોતી; ત્યાં આ તો પોતાની ઉપરાંત પત્ની તથા બે બાળકોને એંઠી ડીશોને ન માત્ર જોવાનો પણ માંજવાનો મામલો છે.

એની સામે (તમારી દ્રષ્ટિએ) કપડાં ધોવાનું કામ સહેલું છે. અને એથી વધુ તેમાં સુગ ચડવાનો સવાલ જ પેદા નથી થતો. ડિટર્જન્ટવાળા પાણીમાં કપડાં બોળ્યા, બ્રશ લગાડયો, ફરી પાછાં ચોખ્ખા પાણીમાં કપડાં બોળ્યાં, નીચોવ્યા, સૂકવ્યા અને પત્યું. એંઠવાડની ઝંઝટ બિલકુલ નહીં. અને કપડાં ધોતાં-ધોતાં શરીર પર પાણી ઊડે ત્યારે ફુવારાની અનુભૂતિ થાય તે જુદી. વળી, વ્હાઈટ કોલર જોબ કરતા તમે તથા તમારી પત્નીની શારીરિક પરિશ્રમ વિનાની નોકરી હોઈ શરીર પર પરસેવો વળતો નથી. જેનો સીધો ફાયદો તમે પહેરેલાં કપડાંને થાય છે. વળી, તમારાં બાળકો પણ મોબાઈલમાં વસવાટ કરતા હોઈ મેદાની રમતો તેમની જાણ બહાર હોય છે. અને તેથી તેમના કપડાં પણ ખાસ મેલાંઘેલાં હોતા નથી.

બસ, કપડાં ધોવા અંગેનો આ પ્રકારનો ખયાલી પુલાવ તમને ભેખડે ભેરવી દે છે. કપડાં ધોવાએ વિશ્વનું સૌથી જટિલ, મુશ્કેલ અને કંટાળાજનક કામ છે એ વાત તો તમે જાણતા જ નથી. પહેલા સ્ટેપથી લઈ છેલ્લા સ્ટેપ સુધીની કપડાં ધોવાની પ્રક્રિયા એટલી ત્રાસદાયક છે તેની સરખામણીએ રેડિયો પર મનકી બાત સાંભળી લેવી આગળ પડે.

**તંત્રી : પ્રકાશ ચૌધરી**

### ઉદ્યોગ બાદ સર્વિસ ક્ષેત્રે ગુજરાતને નંબર વન બનાવવા તૈયારી

# રાજ્યમાં હવે સર્વિસ કમીશ્નરેટ સ્થાપવા નિર્ણય

### અનેક ઉદ્યોગો સાથે જોડાયેલા સેવાક્ષેત્ર માટે ખાસ આયોજન : રોજગારીની નવી તકો સર્જાશે

(ગરવી તાકાત) ગાંધીનગર તા.૧૭

ગુજરાતને ઉત્પાદન ક્ષેત્રે અનેક ઉદ્યોગોમાં 'હબ' બનાવ્યા બાદ રાજ્ય સરકારે હવે સર્વિસ સેકટરમાં પણ રાજ્યમાં ઉદ્યોગોને નવી તક મળે તથા રોજગારી પણ સર્જાય તે રીતે ઔદ્યોગીક કમીશ્નરેટની માફક સર્વિસ કમીશ્નરેટની પણ રચના કરવા નિર્ણય લીધો છે અને રાજ્યના બજેટમાં તેની જાહેરાત થઈ શકે છે.



ઉત્પાદન ક્ષેત્રે કમીશ્નરેટની કામગીરી મહત્વપૂર્ણ બની રહી છે જેના કારણે વિવિધ ક્ષેત્રની ઉત્પાદન કંપનીમાં ગુજરાતમાં આવી છે તો સર્વિસ ક્ષેત્ર જે દેશમાં નિકાસમાં પણ મહત્વનો ફાળો આપી રહ્યું છે. તેમાં કર્ણાટક, આંધ્રપ્રદેશ, મહારાષ્ટ્ર, તામિલનાડુ જેવા રાજયો આગળ છે.

ગુજરાતની જીડીપીમાં સર્વિસ સેકટરનો ફાળો ૩૨.૪% છે અને તે વધારીને ૫૪% લઈ જવા સરકારનું આયોજન છે. આ માટે રાજય સરકાર અને તેના નાણા વિભાગે સર્વિસ કમિશ્નરેટનું માળખુ તૈયાર કરવા માટે જરૂરી મંજુરી આપી દીધી છે.

જો કે રાજય સરકાર કોવિડ કાળથી આ વિચારણા કરી રહી હતી. ખાસ કરીને સર્વિસ ક્ષેત્ર એ રોજગારી સર્જનનું નવું મહત્વનું માધ્યમ બની ગયુ છે પણ રાજયમાં સર્વિસ ક્ષેત્રને માટે ઓછા પ્રોત્સાહન કે ખાસ યોજનાઓ છે.

ગુજરાત એક ઉત્પાદન રાજય હોવાથી સર્વિસ ક્ષેત્ર માટે પણ વિશાળ તક છે. આમ બન્ને મળીને ગુજરાતમાં રોજગાર સર્જનમાં નવા રેકોર્ડ બનાવી શકે છે. આઈટી, ટુરીઝમ, શિક્ષણ, આરોગ્ય, રીયલ એસ્ટેટ રીટેલ સહિતના ક્ષેત્રમાં સર્વિસ ઈન્ડસ્ટ્રીઝ મહત્વનું યોગદાન આપી રહી છે પણ ઉત્પાદન ક્ષેત્રની સરખામણીમાં ગુજરાતમાં સર્વિસ ક્ષેત્રનો વિકાસ ખૂબ જ ઓછો થયો છે તે ખોટ હવે પુરાશે.

### સંઘ પ્રદેશ દિવને અડીને આવેલા અહેમદપુર માંડવી બીચ ખાતે તા.૨૪,૨૫ અને ૨૬ જાન્યુઆરીના રોજ ત્રિદિવસીય આયોજન : કલેકટર જાડેજાએ તમામ વિભાગો સાથે બીચ પર નિરીક્ષણ કર્યું

# હવે ગુજરાતમાં પણ પ્રથમ વખત બીચ ફેસ્ટિવલ યોજાશેઃ નવું પ્રવાસન આકર્ષણ

કોડીનાર તા.૧૭

સુપ્રસિદ્ધ પ્રવાસન સ્થળ દીવ ને હવે ગીર નાં બીચો ટક્કર આપશે પ્રવાસન ઉદ્યોગને ગતિ મળે તેમ જ ગીર સોમનાથ જિલ્લાના દરિયાકાંઠા વિસ્તારમાં પ્રવાસન ગતિ વિધિઓને અન્ય પ્રવાસીઓ ઓળખે તે માટે સંઘ પ્રદેશ દીવને અડીને આવેલા ગિરના અહેમદપુર માંડવી બીચ ઉપર પ્રથમ વખત ત્રણ દિવસના બીચ ફેસ્ટિવલ નું આયોજન થનાર છે. જેને લઈ સ્થાનિક કલેકટર ડી.ડી જાડેજા દ્વારા સ્થળ નિરીક્ષણ કરવામાં આવ્યું.



દર રમણીય અને નયન રમ્ય દેખાતા અને આંખો ને ટાઢક પડતાં તસવીર માં દેખાતા દ્રશ્યો ગોવા કે દીવ ના નહિ પરંતુ ગુજરાત ના ગીર નાં અહેમદપુર માંડવી બીચ ના છે.આ બીચ સંઘ પ્રદેશ દીવ ના ઘોઘલા ને અડી ને આવ્યો છે દીવ ની હદ પુરી થાય અને અહી થી ગુજરાત ના ગીર ની હદ શરૂ થાય છે.

હવે આ બીચ પણ દેશ અને દુનિયાના પ્રવાસીઓ નું આકર્ષણ નું કેન્દ્ર બનવા જય રહ્યા છે કારણ કે અહી ગીર સોમનાથ કલેકટરે વીઝીટ કર્યા બાદ સરકાર ને રજૂઆત કરવામાં.આવી હતી અને હવે આં બીચો ને ડેવલપ કરવાનું બીડું ગીર કલેકટર ડી.ડી જાડેજા એ ઉઠાવ્યું છે.

જેને લઈ રાજ્ય નાં પ્રવાસન વિભાગ અને જિલ્લા વહીવટી તંત્ર દ્વારા અહી ત્રણ દિવસ સુધી બીચ ફેસ્ટિવલ નું આયોજન કરવામાં.આવી રહ્યું છે આગામી ૨૪, ૨૫ અને ૨૬ જાન્યુઆરી ના આં બીચ ફેસ્ટિવલ રંગારંગ ભવ્ય રીતે ઉજવાશે જેને લઈ જિલ્લા કલેકટર તંત્રના તમામ વિભાગો સાથે રાખી સ્થળ નિરીક્ષણ કર્યું.

સંઘપ્રદેશ દિવ થી એકદમ નજીક આવેલ ઉના તાલુકાના અહેમદપુર માંડવી બીચ પર વિવિધ આયોજન રાજયના પ્રવાસન વિભાગ અને જિલ્લા વહીવટી તંત્ર ગિર સોમનાથ દ્વારા કરવામાં આવશે સંઘ પ્રદેશ દીવ ની નજીક આવેલો અહેમદપુર માંડવી બીચ આજે પ્રવાસીઓમાં સૌથી ઓછી ઓળખ ધરાવતા બીચ તરીકે પણ ઓળખાય છે પરંતુ અહીં પ્રવાસન ઉદ્યોગ અને દરિયાઈ પર્યટનને લઈને વિશાળ તકો ઉપલબ્ધ છે.

જેને ધ્યાને રાખીને રાજ્યના પ્રવાસન વિભાગ અને જિલ્લા વહીવટી તંત્ર ગીર સોમનાથ દ્વારા જાન્યુઆરી મહિનાની ૨૪,૨૫ અને ૨૬ તારીખે વિવિધ રમતોત્સવ ફૂડ ઝોન અને અન્ય ગતિવિધિ નું આયોજન કરાયું છે. ત્યારે ગીર સોમનાથ કલેકટર ડી ડી જાડેજાએ મીડિયા ને જણાવ્યું હતું કે અહેમદપુર માંડવી બીચ પ્રવાસીઓમાં નવી ઓળખ ઊભી કરે તે માટે અહીં ખાસ સૂર્યોદય જોવાના પોઈન્ટ પણ છે વધુમાં અહેમદપુર માંડવી બીચ પર બહુ મોટી સંખ્યામાં ડોલ્ફિન માછલી પણ જોવા મળે છે.

જેને કારણે અહીં દરિયાઈ આધારિત વોટર સપોર્ટની પણ ખૂબ મોટી શક્યતા છે વધુમાં આ વિસ્તારના ખારવા સમાજ અને તેમની સંસ્કૃતિ ઉજાગર થાય તે માટે પ્રથમ વખત બોટમાં સાંસ્કૃતિક ટેબ્લો ની પરેડનું આયોજન પણ આગામી ત્રણ દિવસ થનાર છે વધુમાં રાત્રીના સમયે બીચ પર લાઈવ કોન્સર્ટ, લેઝર શોનું આયોજન પણ કરવામાં આવશે જેના થકી પ્રવાસીઓને અહીં આકર્ષિત કરી શકાય વધુમાં કોઈ પણ પ્રવાસન સ્થળને જીવંત રાખવા માટે ફુડઝોન ખૂબ જ મહત્વનું બને છે .

જેથી આ ત્રણ દિવસ દરમિયાન વિવિધ ફૂડ ઝોનને પણ પ્રવાસીઓની અનુકૂળતા મુજબ શરૂ કરવામાં આવશે રાજ્યના પ્રવાસન વિભાગ અને જિલ્લા વહીવટી તંત્ર ગીર સોમનાથ દ્વારા અહેમદપુર માંડવી બીચ ને પ્રવાસનના નવા સ્થળ તરીકે વિકસાવાનુ આયોજન પણ થયું છે જેને ધ્યાને રાખીને ખાસ ત્રણ દિવસનું વિશેષ આયોજન પણ કરવામાં આવશે.

### અમદાવાદ - ઈન્દોરને જોડતા હાઈવે પર ગાય સાથે કાર અથડાતા ૪ લોકના ઘટના સ્થળે મોત

# ગુજરાતમાં રફ્તારના રાક્ષસો બેફામ બન્યા! ૨૪ કલાકમાં ૫ અકસ્માત,૮ ના મોત થયા

### સુરતના ડાયમંડ બુર્સ પાસે ઓવર સ્પીડ કારએ ૧૬ વર્ષના કિશોરને અડફેટે લીધો

અમદાવાદ, તા.૧૭

ગુજરાતના રસ્તા જીવલેણ બન્યા છે. છેલ્લા ૨૪ કલાકમાં ગુજરાતના અનેક શહેરોમાં ઢગલાબંધ અકસ્માતો સર્જાયા છે. જેમાં ૮ લોકોનાં ભોગ લેવાયા છે. જેમાં મળતી માહિતી મુજબ સુરતના ડાયમંડ બુર્સ પાસે કાર ઓવર સ્પીડ હોવાના કારણે અકસ્માત સર્જાયો હતો.




અકસ્માતમાં ૧૬ વર્ષીય કિશોરીનું મોત નિપજ્યું છે. અન્ય ૩ ઈજાગ્રસ્તોને સારવાર માટે લઈ જવાયા છે. જેને પગલે અલથાન પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. તો બીજી તરફ, ભાવનગરના સિહોર તાલુકાના વળાવડ નજીક કાર અને બાઈક વચ્ચે અકસ્માત સર્જાયો હતો. પૂરઝડપે આવી રહેલી કારના ચાલકે બાઈકને અડફેટે લીધી હતી. જેમાં બાઈકને અડફેટે લીધા બાત કાર પર દૂકાનમાં ઘૂસી ગઈ હતી. બાઈકમાં સવાર બાળકીનું મોત થયું હતું.

ગુજરાતમાં ફરી એકવાર રોડ પર રફતાર થી ચાલતી ગાડીઓ લોકો માટે જીવલેણ બની છે. સુરત રાજકોટ ભાવનગર, ખેડા સહિતના જિલ્લાઓમાં અકસ્માત સર્જાયા હતા. છેલ્લા ૨૪ કલાકમાં ૫ અકસ્માત મા ૮ લોકના મોત થયા છે. ભાવનગર શહેરના સિદસર રોડ લીલા સર્કલ નજીક અકસ્માત સર્જાયો હતો. લીલા સર્કલ નજીક બે એક્ટિવા સવારને અડફેટે લીધા હતા.

આ અકસ્પાત થયા બાદ કાર મૂકી ચાલક ફરાર થયો હતો. અકસ્માતના પગલે લોકોના ટોળા એકત્ર થયા હતા. મહેસાણા-અમદાવાદ હાઈવે પર ભાસરિયા નજીક ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. કાર ઝાડ સાથે અથડાઈ ખાડામાં ખાબકી હતી.

કારને અકસ્માતના પગલે ૨ લોકોના મોત નિપજ્યા. જ્યારે ૨ લોકો ઈજાગ્રસ્ત થયા.

ખેડામાં ગમખ્વાર અકસ્માતની ઘટના સામે આવી છે. જેમાં કઠલાલ પાસેથી અમદાવાદ-ઈન્દોરને જોડતા હાઈવે પર ગતરોજ મોડીરાત્રે ઈકો કાર અને ગાય વચ્ચે અકસ્માત સર્જાયો હતો.

જેથી ઈકો કાર ચાલકે કારના સ્ટિયરિંગ પરથી કાબુ ગુમાવતા આ કાર હાઈવેના ડિવાઈડર પર ચઢી ગઈ હતી અને ત્યારબાદ લાઈટના લોખંડના પોલ સાથે અથડાઈ હતી.આ અકસ્માતમાં કારમાં સવાર પાંચ લોકોમાંથી ચાર લોકોનાં ઘટનાસ્થળે જ મોત નિપજ્યાં હતાં. ઘટનાને પગલે કઠલાલ પોલીસે ઘટનાસ્થળે પહોંચી વધુ તપાસ હાથ ધરી છે.

## ગ્રહોનો રાઝ આપની આજ




**મેષ (અ.લ.ઈ.)** આ રાશિના જાતકોને નોકરીના સ્થળે સામાન્ય જવાબદારી વધશે તેમજ મોસાળપક્ષે સાચવીને વ્યવહાર કરવો અને ભાઈ-બહેનો તરફથી સારું સુખ જણાય છે, આર્થિક લાભની સારી તકો મળશે

**વૃષભ (બ.વ.ઉ.)** ધનપ્રાપ્તિના સારા અવસરો મળશે તેમજ રોજગારીની ઉત્તમ તકો મળશે અને ધાર્મિક કાર્યોમાં મન લાગશે, નવી વસ્તુઓ ખરીદવા કે વેચવામાં લાભ જણાશે

**મિથુન (ક.છ.ઘ.)** સ્થાન પરિવર્તનના યોગો જણાય છે અને લેવડ-દેવડમાં અનુકૂળતા જણાશે તેમજ રાજ્યપક્ષે સાધારણ તકલીફ જણાશે અને જીવનસાથીના સ્વાસ્થ્ય બાબતે સાવધાની રાખવી

**કર્ક (ડ.હ.)** વડીલ વર્ગ દ્વારા સારા લાભની સંભાવના અને શેરબજાર અને સટ્ટાકીય પ્રવૃત્તિઓમાં સાચવવું તેમજ ખાનપાનમાં કાળજી રાખવી અને પસંદગીના કાર્ય કરવાથી લાભ જણાશે

**સિંહ (મ.ટ.)** મહત્વના નિર્ણયો લેવામાં કાળજી રાખવી તેમજ પગ અને કમરના દર્દમાં સંભાળવું અને વ્યવસાયમાં ધીમી ગતિએ સફળતા જણાશે તેમજ પ્રેમસંબંધોમાં તકલીફ જણાશે

**કન્યા (પ.ઠ.ણ.)** માનસિક શાંતિમાં વૃદ્ધિ થશે તેમજ દામ્પત્ય સુખમાં સહયોગ મળશે અને તણાવયુક્ત જીવનશૈલીથી દૂર રહેવું અને કામકાજમાં વિરોધીઓથી સાચવવું

**તુલા (ર.ત.)** કામકાજમાં સાધારણ થાક અનુભવશો અને ભૂમિ, વાહન-મકાન સંબંધી લે-વેચમાં સાચવવું તેમજ ધંધામાં સારી અનુકૂળતા જણાશે અને ઈષ્ટમિત્રોનો સારો સહકાર મળશે

**વૃશ્ચિક (ન.ય.)** આર્થિક બાબતમાં લાભ થશે તેમજ નોકરી-ધંધામાં સારો લાભ જણાશે અને જૂની વસ્તુ વેચી નવું લેવાના યોગ બનશે અને વાહન ચલાવવામાં કાળજી રાખવી

**ધન (ભ.ધ.ફ.ઢ.)** આર્થિક રોકાણ માટે સમય ઉત્તમ છે અને માનસિક તણાવથી પરેશાની વધશે તેમજ સહકર્મચારીનો સારો સહયોગ મળશે અને લોભ લાલચમાં આવી કોઈ કામ કરવું નહીં

**મકર (ખ.જ.)** આ રાશિના જાતકોને જીવનસાથીનો ઉત્તમ સહયોગ મળશે અને આવકમાં વધારો થશે તેમજ સંતાનોના પ્રશ્નોમાં રાહત અનુભવશો, નાની-નાની મુશ્કેલીમાંથી માર્ગ મળશે

**કુંભ (ગ.શ.સ.ષ.)** આર્થિક બાબતે ચઢાવ-ઉતાર જોવા મળશે તેમજ પ્રેમસંબંધોમાં મન પ્રસન્ન રહેશે અને સાથીમિત્રોથી ઓછો સહકાર મળશે તેમજ લેવડ-દેવડમાં સાવધાની રાખવી

**મીન (દ.ચ.ઝ.થ.)** ધંધાકીય બાબતોમાં થોડી ચિંતા રહેશે અને ધંધાને અને પરિવારને સાથે ના રાખો તેમજ યાત્રા-પ્રવાસના યોગ બનશે તેમજ પરિવારમાં સાધારણ અશાંતિ જણાશે

## ફિલ્મી ગપશપ

### કેરટેકર મહિલા ફીલીપે પોલીસ સમક્ષ ઘટના વર્ણવી

## હુમલાખોર બાથરૂમમાં હતો; જહાંગીરને બચાવવા પોતે વચ્ચે પડી; 'અવાજ નહીં કરવા' ધમકી આપી હતી

**દેકારો થતા સૈફ-કરીના આવી ગયા હતાઃ આરોપીના બન્ને હાથમાં હથિયાર હતાઃ ઘાયલ અભિનેતાને સંભાળવા દોડધામ થઈ તેમાં હુમલાખોર છટકી ગયો**

મુંબઈ તા.૧૭

સમગ્ર ઘટનામાં સૌપ્રથમ લુંટારૂ સાથે ઘર્ષણમાં ઉતરેલી કેરટેકરની પોલીસે ધનિષ્ટ પુછપરછ કરી હતી. તેના દ્વારા પોલીસ સમક્ષ સમગ્ર ઘટનાનું વર્ણન કરવામાં આવ્યુ હતું. પોલીસ સમક્ષના નિવેદનમાં તેણીએ કહ્યુ કે સૈફના નાના પુત્ર જહાંગીરના રૂમમાં પોતે ગઈ ત્યારે અજાણ્યા શખ્સ-લુંટારૂને નિહાળ્યો હતો તેના બન્ને હાથમાં હથિયાર હતા.

જહાંગીરને કોઈ નુકશાન ન થાય એટલે તેને બચાવવાનો પ્રયાસ કર્યો હતો અને ત્યારે લુંટારુએ પોતાના પર હુમલો કર્યો હતો. અવાજ-ચીસ સાંભળીને સૈફ તથા કરિનાકપુર પણ ધસી આવ્યા હતા. તે વખતે લુંટારુએ સૈફ પર હુમલો કર્યો હતો અને તેમાં અભિનેતા ઘાયલ થયો હતો.

૫૬ વર્ષિય કેરટેકર મહિલા એલીયામા ફીલીપે પોલીસને કહ્યું કે રાત્રે ૧૧ વાગ્યે જમીને ૪ વર્ષિય જહાંગીરને તેના રૂમમાં સુવડાવવા ગઈ હતી અને પછી પોતે પણ સુઈ ગઈ હતી. રાત્રે બે વાગ્યે અચાનક કોઈક અવાજ આવતા ઝબકીને જાગી ગઈ હતી. બાથરૂમનો દરવાજો ખુલ્લો હોવાનુ અને લાઈટ પણ ચાલુ હોવાનુ માલુમ પડયુ હતું.

જહાંગીરને જોવા કરીના આવી હશે તેમ માની લીધુ હતુ છતાં કોઈ અજુગતુ લાગતા તપાસ માટે બાથરૂમમાં જોવા ગઈ હતી. જયારે અજાણ્યો શખ્સ બહાર આવ્યો હતો અને જહાંગીરના પલંગ ભણી જવા લાગ્યો હતો. આ તકે પોતે જહાંગીરના રક્ષણનો પ્રયાસ કર્યો હતો ત્યારે હુમલાખોરે મને નિશાન બનાવી હતી અને કોઈ અવાજ નહીં કરવાની ધમકી પણ આપી હતી.

આ વખતે જહાંગીરના નાની પણ જાગી ગયા હતા. લુંટારૂએ તેમને પણ અવાજ નહીં કરવા ચેતવ્યા હતા. હુમલાખોરના એક હાથમાં લાકડી તથા બીજા હાથમાં તીક્ષ્ણ બ્લેડ જેવુ હથિયાર હતુ.

જહાંગીરને બચાવવા પોતે વચ્ચે પડતા હુમલાખોરે તીક્ષ્ણ હથિયારથી મારા પર હુમલો કર્યો હતો. મારા બન્ને હાથમાં ઈજા થઈ હતી. પોતે હુમલાખોરને 'શુ જોઈએ છે'? પુછતા તેણે ૧ કરોડ માંગ્યા હતા.

જહાંગીરના રૂમમાંથી અવાજ આવતા કરીનાકપુર દોડી આવી હતી. સૈફે પણ હુમલાખોરને 'તુ કોણ છે'? અને શુ જોઈએ છે? તેમ પુછયુ હતું ત્યારે લુંટારૂએ લાકડી તથા બ્લેડથી તેના પર વાર શરૂ કર્યા હતા.

આ તકે ગીતા નામની અન્ય કેરટેકર પણ ધસી આવતા હુમલાખોરે તેના પર પણ હુમલો કર્યો હતો. આ તકે નાસભાગ મચી હતી. ઘરનો અન્ય સ્ટાફ પણ ધસી આવ્યો હતો. તમામ દરવાજાની બહાર નિકળીને નીચે ઉતરી ગયા હતા. થોડા વખત બાદ પરત આવતા હુમલાખોર નાસી ગયો હતો.

સૈફઅલીને ગળા, પીઠ, ખભ્ભા, હાથ જેવા ભાગોમાં ઈજા હતી અને લોહી નિકળતુ હતુ. ગીતાને પણ ચહેરા-પીઠ તથા હાથ પર ઈજા હતી. હુમલાખોરની ઉંમર ૩૫થી૪૦ વર્ષની હતી અને દુબળો બાંધો હતો. ૫-૫ ફુટની ઉંચાઈ હતી. ડાર્ક પેન્ટ-શર્ટ ઉપરાંત માથામાં ટોપી પણ પહેરી હતી.

ગુજરાત સરકાર

# ગુજરાત
## જ્યાં વિચારો વૈશ્વિક સફળતામાં પરિણમે છે






### ઈકોસિસ્ટમ
01
- અવિરત વીજળી, ગૅસ અને પાણી પુરવઠો
- 200+ દેશો માટેનું પ્રવેશદ્વાર
- 230થી વધુ ઔદ્યોગિક વસાહતો અને 3 કાર્યરત SIRs
- 49 બંદરો, 4 આંતરરાષ્ટ્રીય સાથે 19 એરપોર્ટ્સ

### પ્રૉએક્ટિવ ગવર્નમેન્ટ
02
- 200+ મલ્ટિ-ડિપાર્ટમેન્ટલ મંજૂરી માટે સિંગલ વિન્ડો
- રોકાણકારોની સુવિધા માટે સમર્પિત સંસ્થા
- MSMEsને મંજૂરી માટે 3 વર્ષની મુક્તિ

### ક્ષેત્રીય આગેવાની
03
- કેમિકલ, ફાર્મા, ટેકસટાઇલ્સ, સિરામિક્સ અને ઓટોમોટિવ જેવાં ક્ષેત્રોમાં રાષ્ટ્રીય સ્તરે અગ્રણી
- સેમિકન્ડકટર, ઇવી અને ફિનટેક જેવાં ઉભરતાં ક્ષેત્રો માટે વ્યૂહાત્મક ફ્રેમવર્ક
- કુશળ માનવબળની ઉપલબ્ધતા

### નીતિ આધારિત અભિગમ
04
- 20થી વધુ ક્ષેત્ર માટે વિશિષ્ટ નીતિઓ

### ફ્યૂચરિસ્ટિક ઇન્ફ્રાસ્ટ્રક્ચર
05
- DREAM City, Dholera SIR, MBSIR અને PCPIR જેવાં મેગા પ્રૉજેક્ટ્સ સાથે અગ્રણી
- ભારતની પ્રથમ હાઇસ્પીડ રેલ પ્રૉજેક્ટ કાર્યરત
- GIFT City: વૈશ્વિક નાણાકીય સેવા માટે ભારતનું પ્રથમ સ્માર્ટ સિટી

### સસ્ટેનેબિલિટી
06
- વિશ્વનું ગ્રીન હાઇડ્રોજન કેપિટલ બનવા માટે સજ્જ
- પુનઃપ્રાપ્ય ઊર્જા સ્થાપિત ક્ષમતામાં અગ્રેસર રાજ્ય
- પુનઃપ્રાપ્ય ઊર્જા પ્રૉજેક્ટ્સ માટે માન્ય NA જમીન

### ઇઝ ઑફ લિવિંગ
07
- ઇઝ ઑફ લિવિંગની યાદીના ટોપ-10માં 4 શહેરો સાથે સૌથી સુરક્ષિત રાજ્યોમાં એક
- વૈશ્વિક સ્તરની આરોગ્ય સુવિધાઓ
- વૈશ્વિક સ્તરની સ્પોર્ટ્સ તથા મનોરંજક સુવિધાઓ
- વ્યાપક અને ઉત્તમ રીતે રીતે જોડાયેલ જાહેર પરિવહનની સુવિધા

**ગુજરાતની અસીમિત સંભાવનાઓમાં સમગ્ર વિશ્વ કરી રહ્યું છે રોકાણ**

## પ્રજાના પ્રતિનિધિ કાંઈ અંગત નાણાં નથી વાપરતા, પ્રજાના પૈસા જ વાપરે છે

# વિકાસ કામોનો યશ લેતા નેતાઓ તૂટેલા રસ્તાનો દોષ પણ સ્વીકારે : ગુજરાત હાઈકોર્ટની ટીપ્પણી

## ધારાસભ્ય વિમલ ચુડાસમાની અરજીની સુનાવણીમાં સાફ ટકોર : તકતી - ફોટા હટાવવાના મામલે આદેશ કરવા ઈક્કાર

અમદાવાદ, તા.૧૭

ગીર સોમનાથના ધારાસભ્ય વિમલ ચુડાસમાની એક અરજીની સુનાવણી દરમિયાન ગુજરાત હાઈકોર્ટે ટકોર કરી હતી. તે જો ધારાસભ્યો વિકાસના કામો માટે યશ લેતા હોય તો તેઓએ તૂટેલા રસ્તા તથા અન્ય બાબતો એ પણ પોતાની ઉપર દોષ લેવો જોઈએ.

સરકારી ગ્રાન્ટમાંથી થતા વિકાસના કામો પ્રજાના પ્રતિનિધિઓ પોતાના ગજવામાંથી પૈસા કાઢીને કરતા નથી પરંતુ પ્રજાના પૈસે જ કરે છે. આથી યશની સાથે અપયશ પણ માથે લેવો જોઈએ તેવો પણ મૌખિક અભિપ્રાય હાઈકોર્ટના ન્યાયમૂર્તિ દ્વારા વ્યક્ત કરવામાં આવ્યો હતો.

કેસની વિગતો મુજબ ગીર સોમનાથના ધારાસભ્ય વિમલ ચુડાસમાએ જિલ્લાના આયોજન અધિકારી સહિતના અધિકારીઓ સામે પોલીસ ફરિયાદ નોંધવા માટે હાઈકોર્ટના દ્વાર ખટખટાવ્યા હતા.

ચુડાસમા દ્વારા એવો મુદ્દો ઉપસ્થિત કરવામાં આવ્યો હતો કે, સરકાર દ્વારા તેમની ઉપર ભેદભાવ



રાખવામાં આવે છે અને તેમનો હાથો જિલ્લાના અધિકારીઓ બનીને તેઓ વિરુદ્ધ કામગીરી કરી છે.

સરકારી નિયમોની વિરુદ્ધ જઈને આ અધિકારીઓએ વિકાસના કામોમાં પોતાના નામ સાથે જે ફોટા આવે તેના બોર્ડ અને તકતી માંથી ફોટા હટાવી લેવાનું અને તેને નુકસાન કરવાનું કૃત્ય કરેલ છે.

પોતાની સાથે જ આવું કૃત્ય કરવામાં આવે છે જ્યારે બીજા ધારાસભ્યો સાથે આવું કોઈ કૃત્ય કરવામાં આવું નથી. આથી સરકારી આદેશોને ઘોળીને પી જવા બદલ અને સરકારી આદેશોનો અનાદર કરવા બદલ તેમજ જાહેર મિલકતને નુકશાન પહોંચાડવાનો ગુનો તેઓની સામે નોંધવો જોઈએ.

આ બાબતે વેરાવળમાં પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કરવામાં આવી હતી પરંતુ તેઓની ફરિયાદ લેવામાં આવી નહોતી આથી આ ફરિયાદ લેવાનો હુકમ કરવો જોઈએ. ચુડાસમાના વકીલ દ્વારા વધુમાં રજૂઆત કરવામાં આવી હતી કે, દરેક ધારાસભ્યને સરકારી ગ્રાન્ટમાંથી જે પણ કામ કરવામાં આવે છે તેના ઉપર તેમનો ફોટો અને નામ લખવા બાબતના વર્ષ ૨૦૦૨ અને વર્ષ ૨૦૦૫ ના સ્પષ્ટ પરિપત્રો હોવા છતાં અધિકારીઓએ તેમની સાથે ભેદભાવ રાખીને વિમલ ચુડાસમા ના ફોટા હટાવી દેવાનું કૃત્ય કરેલ છે.

જ્યારે બીજા કોઈ ધારાસભ્ય સાથે આવું કૃત્ય કરવામાં આવતું નથી. ગુજરાતમાં ૧૮૨ વિધાનસભાઓ છે ત્યાં તો આવું કોઈ જ કરવામાં આવતું નથી આ માત્ર રાજકીય બદઈરાદાપૂર્વક કરવામાં આવેલું કૃત્ય છે.

જોકે આ કેસને સુનાવણી દરમિયાન જસ્ટિસ સંદીપ ભટ્ટ દ્વારા ટકોર કરવામાં આવી હતી કે આવા બોર્ડ ઉપર ધારાસભ્યોના ફોટા મુકવાની જરૂરિયાત શું છે? આ તેઓના પૈસા કામ કરવામાં આવે છે કે પ્રજાના પૈસા હોય છે? ધારાસભ્ય પોતાના ગજવામાંથી તો પૈસા આપતા નથી તો પછી ફોટા મુકવાની ક્યાં જરૂર છે?

આ એક બહોળો વિષય છે અને પ્રજાના હિતનો વિષય છે. વિકાસના કામો માટે યશ લેવામાં આવતું હોય તો પછી તૂટેલા રસ્તા તથા અન્ય સમસ્યાઓ બાબતે અપજશ લેવાની પણ તૈયારી રાખવી જોઈએ. આ બાબતે લંબાણપૂર્વક સુનાવણી થઈ હતી અને સુનાવણીના અંતે હાઈકોર્ટ એવો મત વ્યક્ત કર્યો હતો કે, આ બાબતે તેઓ ફરિયાદનો હુકમ કરવા માટે યોગ્ય મટીરીયલ નહીં હોવાથી તેઓ પિટિશન ગ્રાહ્ય રાખવા સંમત નથી.

બીજું કે અરજદાર પાસે નીચલી કોર્ટમાં પ્રાઈવેટ કમ્પ્લેન કરવાની પણ વિકલ્પ ખુલ્લો છે. આથી તેમણે વૈકલ્પિક રસ્તો અપનાવો જોઈએ. જો તેઓ ઈચ્છતા હોય કે કારણ સાથેનો આદેશ કરવો જોઈએ તો હું તમે જે પિટિશન કરેલી છે.

તે ઉપરાંત પણ બીજા મુદ્દા કે જે પ્રજાના હિતમાં છે તે ઉમેરીને આદેશ કરીશ. હાઈકોર્ટનો આવો મૂડ પારખીને ચુડાસમા ના વકીલે આ બાબતે તેમના અસીલ સાથે યોગ્ય મસલત કર્યા બાદ વધુ રજૂઆત કરવામાં આવશે તેમ કહીને સમય માંગ્યો હતો. આમ હવે આ કેસને સુનાવણી આવતા સપ્તાહે રાખવામાં આવી છે.

## સંક્ષિપ્ત સમાચાર

### આદર્શ વિદ્યાલય, વિસનગર ખેલ મહાકુંભમાં ઝળકી



(ગરવી તાકાત) મહેસાણા તા.૧૭

શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ સંચાલિત આદર્શ વિદ્યાલય, વિસનગર ખેલ મહાકુંભમાં તાલુકા કક્ષાએ અન્ડર-૧૭ રસ્સાખેચ સ્પર્ધામાં બહેનોની ટીમે દ્વિતિય સ્થાન, અન્ડર-૧૭ કબડ્ડી સ્પર્ધામાં ભાઈઓની ટીમે દ્વિતિય સ્થાન, અન્ડર-૧૭ એથ્લેટિક્સની ઊંચીકૂદ સ્પર્ધામાં તૃતિય સ્થાન તથા ૨૦૦મી દોડમાં દ્વિતિય સ્થાન પ્રાપ્ત કરી વિદ્યાર્થીઓએ ઈનામરૂપે રૂ.૧૭૦૦૦/- પ્રાપ્ત કરી શાળાનું ગૌરવ વધારેલ છે.

આ સાથે જિલ્લા કક્ષાએ અન્ડર-૧૭ કબડ્ડી સ્પર્ધામાં ભાઈઓની ટીમે તૃતિય સ્થાન પ્રાપ્ત કરી વિદ્યાર્થીઓએ ઈનામરૂપે રૂ.૧૨૦૦૦/- પ્રાપ્ત કરી શાળાને જિલ્લા કક્ષાએ ગૌરવ અપાવેલ છે.

આમ ખેલ મહાકુંભમાં તાલુકા તથા જિલ્લા કક્ષાએ શાળાનું નામ રોશન કરનાર વિદ્યાર્થીઓને તથા વ્યાયામ શિક્ષકશ્રી રમેશભાઈ વી.ચૌધરી અને શ્રી ભાવેશભાઈ જી.ચૌધરી ને કેળવણી મંડળના પ્રમુખશ્રી તથા હોદ્દેદારશ્રીઓ અને શાળાના આચાર્યશ્રી તથા સમગ્ર સ્ટાફ મિત્રોએ ખૂબ ખૂબ અભિનંદન પાઠવ્યા હતા.

### અમદાવાદ શહેરમાં સેન્ટ બેંક હોમ ફાયનાન્સ લિમિટેડની શાખાનો શુભારંભ

(ગરવી તાકાત) અમદાવાદ તા.૧૭

આજે, ૧૭ જાન્યુઆરી ૨૦૨૫ ના રોજ, સેન્ટ બેંક હોમ ફાઈનાન્સ લિમિટેડનું અમદાવાદ શહેરમાં ઉદઘાટન શ્રી સુનિલ સરકાર, સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા અમદાવાદ ઝોનના ડેપ્યુટી ઝોનલ હેડ, શ્રી રણજીત સિંહ જી, અમદાવાદ રિજિયનના રિજનલ હેડ, શ્રી ધર્મેન્દ્ર કુમાર, અમદાવાદ ઝોનલ



ઓફિસના આસિસ્ટન્ટ જનરલ મેનેજર, સેન્ટ બેંક હોમ ફાઈનાન્સ લિમિટેડના જનરલ મેનેજર શ્રી સચિન સુધાકર અને રિજનલ મેનેજર શ્રી રોહિત અસરાની દ્વારા કરવામાં આવ્યું.

સેન્ટ હોમ ફાઈનાન્સ લિમિટેડ, સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયાની પેટાકંપની છે જે અગ્રણી હોમ લોન કંપનીઓમાંની એક છે અને ૧૯૯૧ થી કાર્યરત છે. સુરત અને વડોદરા પછી ગુજરાતમાં સેન્ટ બેંકની આ ત્રીજી શાખા છે, જ્યાં હોમ લોન, પ્રોપર્ટી સામે લોન અને અન્ય લોનની સુવિધા લોકોને વ્યાજબી વ્યાજ દરે અને ટૂંકા સમયમાં ઉપલબ્ધ કરાવવામાં આવશે.

આ કંપની લોકો પાસેથી આકર્ષક દરે ફિક્સ્ડ ડિપોઝિટ સ્વીકારે છે.

આ પ્રસંગે બ્રાન્ચ મેનેજર શ્રી ભાવેશ પરમાર, વડોદરા બ્રાંચ ઓફિસર શ્રી ધર્મેન્દ્ર સાપરા ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

### વી.એસ.કેમ્પસ વટવા દ્વારા શ્યામાપ્રસાદ મુખર્જી હોલ,વસ્ત્રાલ ખાતે વાર્ષિક ઉત્સવની ઉજવણી કરાઈ



(ગરવી તાકાત) અમદાવાદ તા.૧૭

વી.એસ.કેમ્પસ વટવા દ્વારા તાજેતરમાં શ્યામાપ્રસાદ મુખર્જી હોલ,વસ્ત્રાલ ખાતે વાર્ષિક ઉત્સવની ઉજવણી કરવામાં આવી હતી આ પ્રસંગે શાળાના બાળકો દ્વારા વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમની પ્રસ્તુતિ કરવામા આવી હતી. આ સાંસ્કૃતિક કાર્યક્રમ ‘‘ગૌરવશાળી ભારત’’ની થીમ હેઠળ યોજવામાં આવ્યો હતો.વિદ્યાર્થીઓને અભ્યાસ ઉપરાંત આપણા પ્રારંભિક મૂલ્યોની જાણકારી મળે તથા ભારતની સંસ્કૃતિની ઝલક પ્રાપ્ત થાય તે તેનો મૂળ હેતુ હતો. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં વાલીઓએ ઉપસ્થિત રહી આ કાર્યક્રમ માણ્યો હતો.કાર્યક્રમમાં પ્રતિભાશાળી વિદ્યાર્થીઓને ઈનામ વિતરણ કરવામાં આવ્યું હતું.આ પ્રસંગે શાળાનાં ટ્રસ્ટીઓ શ્રી અશોકભાઈ ,શ્રી ભરતભાઈ, શ્રી ભગવાનભાઈતથા શ્રી સુનીલભાઈ પટેલ, ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમને સફળ બનાવવા માટે એકેડેમિક ડાઈરેક્ટર શ્રી વિજયભાઈ મારું તથા શ્રી મનીષભાઈ રાવલ દ્વારા માર્ગદર્શન આપવામા આવ્યું હતું. વી.એસ.ઈન્ટરનેશનલ સ્કુલના આચાર્ય શ્રી ખ્યાતિબેન પંડયા દ્વારા કાર્યક્રમનું સંચાલન કરવામાં આવ્યું હતું. સરસ્વતી વિદ્યાલયના આચાર્ય શ્રી કપિલભાઈ ગોયલ તથા વિદ્યા સરિતાના આચાર્ય શ્રી ચંદ્રિકાબેન પટેલ દ્વારા વિદ્યાર્થીઓને ઉત્સાહ પૂરો પાડ્યો હતો અને સમગ્રશિક્ષકગણના સહકારથી કાર્યક્રમ સફળ રહ્યો હતો.

## પાલનપુર સિવિલ હોસ્પિટલના તબીબોની મહત્વપૂર્ણ સફળતા

# અધૂરા માસે જન્મેલા ૧.૫ કિલો વજનના બાળક અને ગંભીર બીમાર માતાને બચાવી લેવાયા

(ગરવી તાકાત) પાલનપુર તા.૧૭

પાલનપુર સિવિલ હોસ્પિટલના તબીબોએ એક મહત્વપૂર્ણ સફળતા હાંસલ કરી છે. રાજસ્થાનના સિરોહી આબુરોડની એક ગંભીર બીમાર ગર્ભવતી મહિલાને અધૂરા માસે સફળ પ્રસૂતિ કરાવી માતા અને બાળક બંનેના જીવ બચાવ્યા છે.

મહિલાને વહેલી સવારે પ્રસૂતિની પીડા ઉપડતાં પ્રથમ આબુરોડની ખાનગી હોસ્પિટલમાં લઈ જવાઈ હતી, જ્યાં પ્રાથમિક સારવાર બાદ રજા અપાઈ. બીજા દિવસે પેટના દુખાવાને કારણે તેને પાલનપુર સિવિલ હોસ્પિટલના ઈમરજન્સી ટ્રોમા સેન્ટરમાં લાવવામાં આવી.

સિવિલ સુપ્રિટેન્ડેન્ટ ડૉ. સુનિલ જોશીની દેખરેખ હેઠળ, ગાયનેક અને મેડિસિન વિભાગના



નિષ્ણાત તબીબોની ટીમે તપાસ કરતાં મહિલામાં પીળિયો, લોહીની ઉણપ અને હૃદયમાં ઈન્ફેક્શન જેવી ગંભીર સમસ્યાઓ જોવા મળી. પરિસ્થિતિની ગંભીરતાને ધ્યાનમાં રાખી તબીબોએ તાત્કાલિક નોર્મલ ડિલિવરી કરાવી, જેમાં ૧.૫ કિલો વજનના તંદુરસ્ત બાળકનો જન્મ થયો.નવજાત શિશુને એનઆઈસીયુમાં રાખવામાં આવ્યું, જ્યારે માતાને ગર્ભાશયમાંથી થતા રક્તસ્ત્રાવને બલૂન દ્વારા નિયંત્રિત કરવામાં આવ્યો. ૧૩ દિવસની સઘન સારવાર બાદ માતા અને બાળક બંને સ્વસ્થ થતાં તેમને રજા આપવામાં આવી. ખાનગી હોસ્પિટલોમાં લાખો રૂપિયા ખર્ચવા પડે તેવી સારવાર અહીં નિઃશુલ્ક આપવામાં આવી, જેના માટે પરિવારે તબીબો અને નર્સિંગ સ્ટાફનો આભાર માન્યો છે.

## બનાસકાંઠા જિલ્લામાં હોમગાર્ડ્ઝ જવાનોની રેક્ક ટેસ્ટ પરીક્ષા

# બે દિવસીય પરીક્ષામાં ૧૦૯ જવાને ભાગ લીધો,પ્રમોશન માટે લાંબા સમય બાદ તક

(ગરવી તાકાત) પાલનપુર તા.૧૭

બનાસકાંઠા જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જાળવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવતા હોમગાર્ડ્ઝ જવાનોના પ્રમોશન માટે બોર્ડર વિંગ તાલીમ કેન્દ્ર દાંતીવાડા ખાતે બે દિવસીય રેક્ક ટેસ્ટ પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું હતું. જિલ્લા કમાન્ડન્ટ હિંમતસિંહ રાઠોડના નેતૃત્વમાં ૧૬ અને ૧૭ જાન્યુઆરી દરમિયાન યોજાયેલી આ પરીક્ષામાં જિલ્લાભરમાંથી ૧૦૯ જવાનએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

જિલ્લામાં ૧૫૦૦થી વધુ હોમગાર્ડ્ઝ જવાનો પોલીસ સાથે રાત-દિવસ ફરજ બજાવે છે. છેલ્લા ઘણા સમયથી માનદ્ એનસીઓઝની પરીક્ષા ન યોજાવાને કારણે જવાનો પ્રમોશનથી વંચિત રહ્યા હતા. આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને જિલ્લા



કમાન્ડન્ટે નિષ્પક્ષ અને પારદર્શક રીતે પરીક્ષાનું આયોજન કર્યું હતું.

પરીક્ષાની સફળતા માટે કમિટીના સભ્યો અને હોમગાર્ડ્ઝ જવાનોએ સંપૂર્ણ સહયોગ આપ્યો હતો. લાંબા સમય બાદ યોજાયેલી આ પરીક્ષામાં કોઈપણ જવાનને અન્યાય ન થાય તે માટે ખાસ કાળજી રાખવામાં આવી હતી, જેના કારણે જવાનોમાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો. આ પરીક્ષા દ્વારા યોગ્ય જવાનોને પ્રમોશનની તક મળશે, જે તેમના કેરિયર વિકાસમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે.

# પ્રાકૃતિક ખેતી માટે મહેસાણા વિસનગરના ખેડૂત દશરથભાઈ પટેલ અન્યોની પ્રેરણા બની રહ્યા છે

(ગરવી તાકાત) મહેસાણા તા.૧૭

મહેસાણા જિલ્લાના વિસનગર ખાતે ફાર્મર માસ્ટર ટ્રેનર દશરથભાઈ પટેલના કપાસ અને મિશ્ર ખેતી વાળા પ્રાકૃતિક ખેતી તેમજ દેશી ગાય આધારિત અળસીયા ખેતી અને બીજામૃત અને ઘનજીવામૃત અંગે પ્રાકૃતિક ખેતીમાં વિસનગરના ફાર્મર માસ્ટર ટ્રેનર દશરથભાઈ પટેલના ખેતરની વાત કરીએ તો

તેમણે કરેલી પ્રાકૃતિક ખેતી દ્વારા કપાસ અને મિશ્ર પાકની ખેતીની ચકાસણી કરી હતી. પ્રાકૃતિક પાકની મુલાકાતે આવેલ તેમણે સર્વેમાં કપાસ, અડદ ,કાકડી, દૂધી, મરચીના મિશ્ર પાકની ચકાસણી કરીને તેના ઉત્તમ ગુણવત્તા યુક્ત પાક મેળવેલ છે. વરસાદના પગલે પાકને કોઈ નુકસાન નથી થતુ તેનું કારણ અળસીયા અને દેશી ગાય આધારિત જીવામૃત અને ઘન જીવામૃત થી પાકમાં કરવામાં આવેલી જાળવણી પરિણામ છે આ



બાબતે ખેડૂત દશરથભાઈ ને ખેતીવાડી તેમજ આત્મા કચેરીના અધિકારીઓએ બિર્દાવ્યા હતા.

ફાર્મર માસ્ટર ટ્રેનર દશરથભાઈ પટેલ છેલ્લા ૧૮ વર્ષથી પ્રાકૃતિક ખેતી તરફ વળેલા છે. રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજી થી પ્રેરાઈને દશરથભાઈએ પ્રાકૃતિક ખેતી કરવાનું આરંભ્યું છે તેમજ તાજેતરમાં પડેલા વરસાદની અસર પણ પ્રાકૃતિક ખેતી પદ્ધતિના કારણે પાકને નુકશાન થયુ નથી તેમજ તેઓ છેલ્લા ૧૨ વર્ષથી દેશી ગાય આધારિત ખેતી કરે છે જેના પગલે જીવામૃત ,ઘન જીવામૃત નો ઉપયોગ પણ કરી રહ્યા છે. આના કારણે તેમની જમીનમાં પોષણ મળે છે અને જમીન ફળદ્રુપ બની રહી છે અને અળસિયાના કારણે વધારાનું વરસાદી પાણી પણ ચુસાઈ જાય છે આના કારણે પાક સ્વસ્થ અને પોષણયુક્ત બને છે એમ દશરથભાઈ જણાવે છે .....ગાય આધારિત ખેતીમાં તેઓ દેશી ગાયનું છાણ, ગૌમૂત્ર, જીવામૃત બનાવીને તેમનો છંટકાવ કરે છે તેથી ઉત્પાદન પણ સારું મળે છે. ચાલો આપણે સૌ સાથે મળીને આપણા ઘર પરિવાર સમાજ અને રાષ્ટ્ર માટે પ્રાકૃતિક ખેતી અપનાવીએ.

# નવા વાવ - થરાદ જિલ્લામાં સમાવેશ સામે ૨૧મીએ જન આક્રોશ મહાસભા, ગામેગામ બેઠકોનું આયોજન

(ગરવી તાકાત) પાલનપુર તા.૧૭

બનાસકાંઠા જિલ્લાના વિભાજન બાદ નવા વાવ-થરાદ જિલ્લાની રચના સામે ધાનેરા તાલુકામાં ભારે વિરોધનો વંટોળ ઊભો થયો છે. ગુજરાત સરકારે ૧ જાન્યુઆરી ૨૦૨૫થી અમલી બનાવેલા આ નિર્ણય સામે છેલ્લા ૧૫ દિવસથી સ્થાનિક લોકો આંદોલન ચલાવી રહ્યા છે.

ધાનેરા તાલુકા હિત રક્ષક સમિતિના નેતૃત્વમાં ચાલી રહેલા આ આંદોલનમાં ધાનેરાના વર્તમાન ધારાસભ્ય માવજી દેસાઈ, પૂર્વ ધારાસભ્યો મફતલાલ પુરોહિત અને નથા પટેલ સહિત રાજકીય, સામાજિક અને સહકારી ક્ષેત્રના આગેવાનો જોડાયા છે. અત્યાર સુધી ધાનેરા બંધ, રેલી અને ધરણાં પ્રદર્શન જેવા કાર્યક્રમો યોજાયા બાદ હવે આંદોલનને વધુ તીવ્ર બનાવવામાં આવી રહ્યું છે.

આગામી ૨૧ જાન્યુઆરી



મંગળવારે બપોરે ૧૨ વાગ્યે ધાનેરા હાઈવે પર આવેલા મામા બાપજી મંદિર સામે જન આક્રોશ મહાસભાનું આયોજન કરવામાં આવ્યું છે. આ મહાસભાની તૈયારીઓના ભાગરૂપે શુક્રવારે રામબાઈશા આશ્રમ ખાતે સમિતિની બેઠક યોજાઈ હતી, જેમાં મોટી સંખ્યામાં આગેવાનોએ હાજરી આપી હતી. સમિતિ દ્વારા ગામેગામ ખાટલા બેઠકો અને સભાઓનું આયોજન કરી લોકજાગૃતિ ફેલાવવામાં આવી રહી છે. કાંકરેજ અને દિયોદર તાલુકાની જનતા પણ આ વિભાજનનો વિરોધ કરી રહી છે.

Volume : 10 Issue : 287 Owner, Publishers, Printer & Editor : Prakashbhai R. Chaudhary, At: 5, Sarsavati Society, Nagalpur Highway Road, Mehsana- (N.G) 384002
Place Of Publication : 9, Ambica Complex, S.T. Work Shop Road Near Bhamriya Nala, Didtrict Mehsana • Printed at : GARVI TAKAT OFFSET-5, Ambika Complex, T.B. Road, Mehsana- 384002